DATE :- 07-09-2026

GUJARAT SAMACHAR, PAGE-03, SURAT

# મેટ્રોથી ઉતરી મુસાફરને ઘર સુધી પહોંચાડવા મ્યુનિ.નું 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી'નું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

સુરત શહેરમાં મેટ્રો સેવા શરૂ થયા બાદ મુસાફરોને સ્ટેશનથી તેમના ઘર કે નિયત સ્થાન સુધી સરળતાથી પહોંચાડી શકાય તે માટે મહાપાલિકા દ્વારા લાસ્ટ માઈલ કનેક્ટિવિટીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મેટ્રોમાં મુસાફરી કરનારા યાત્રીઓને સ્ટેશન પરથી આગળ જવા રિક્ષા, બસ કે અન્ય જાહેર પરિવહનના વિકલ્પો સરળતાથી મળી રહે તે દિશામાં તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરાયો છે.

## ડ્રીમ સિટીથી અલથાણ રૂટના સાત સ્ટેશનોની આસપાસ સર્વે શરૂ મુસાફરોની જરૂરિયાત મુજબ રિક્ષા સહિતના વિકલ્પો નક્કી કરાશે

સુરત શહેરમાં મેટ્રો રેલ ઝડપથી દોડતી કરવા સરકાર દ્વારા કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે. મેટ્રોમાં સફર કરનારા યાત્રીઓને સ્ટેશનથી બહાર આવ્યા બાદ અન્ય વૈકલ્પિક વાહનો સરળતાથી મળી રહે તે માટે મ્યુનિ. તંત્રે અત્યારથી જ આયોજન હાથ ધરવા કમર કસી છે. આ માટે ડ્રીમ સિટીથી અલથાણ તરફના મેટ્રો રૂટ પર આવેલા સાત સ્ટેશનોને ધ્યાનમાં રાખીને સર્વે શરૂ કરવામાં આવી રહ્યો છે. દરેક સ્ટેશન પર કેટલા મુસાફરો ઉતરશે, તેઓ કયા વિસ્તાર તરફ જાય છે, સ્ટેશનથી રહેણાક વિસ્તાર કેટલો દૂર છે અને કયા પ્રકારના પરિવહનની સૌથી વધુ જરૂરિયાત છે તે અંગે માહિતી એકત્ર કરવાનું શરૂ કરાયું છે. આ સર્વેને આધારે દરેક સ્ટેશન માટે અલગ લાસ્ટ માઈલ કનેક્ટિવિટી પ્લાન તૈયાર કરવામાં આવશે. વધુમાં, મુસાફરોને મેટ્રો સ્ટેશન સુધી પહોંચાડવા અને સ્ટેશન પરથી મુસાફરોને તેમના અંતિમ સ્થળ સુધી લઈ જવા માટે રિક્ષાની કનેકટિવીટી મહત્વની કડી બની શકે છે. તેથી રિક્ષાના રૂટ ઉપરાંત મુસાફરો પાસેથી કેટલું ભાડું વસૂલ કરવું? તે અંગે પણ વ્યવસ્થા નક્કી કરવાની દિશામાં વિચારણા ચાલી રહી છે. ભાડું નિયંત્રિત રહે અને મુસાફરોને સ્ટેશનથી બહાર નીકળ્યા બાદ મનસ્વી ભાડાં ચૂકવવાની સ્થિતિ નહીં સર્જાય તે બાબતને પણ આયોજનમાં સજાગતા દાખવવામાં આવશે. મળતી વિગતો મુજબ મ્યુનિ. તંત્રનો મુખ્ય હેતુ મેટ્રોને માત્ર એક પરિવહન સેવા પૂરતી મર્યાદિત રાખવાને બદલે તેને શહેરના અન્ય જાહેર પરિવહનના માધ્યમો સાથે જોડવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે. આને કારણે શહેરમાં લાસ્ટ માઈલ કનેક્ટિવિટી માટે અગાઉથી ઇ-રિક્ષા માટે ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવશે. સર્વે પૂર્ણ થયા બાદ સ્ટેશન પ્રમાણે મુસાફરોની સંખ્યા અને તેમની અવરજવર પ્રમાણે ફીડર રિક્ષા, બસ અથવા અન્ય વિકલ્પો અંગે અંતિમ નિર્ણય લેવાશે. જો આ વ્યવસ્થા અસરકારક રીતે અમલમાં આવે તો મેટ્રો સ્ટેશનથી ઘર સુધીની મુસાફરી ઘણી સરળ બની રહેશે. એટલું જ નહીં, રસ્તા ઉપર ખાનગી વાહનોનું ભારણ ઘટશે. પરિણામે શહેરના મુખ્ય માર્ગો પરનો ટ્રાફિક ઘટાડવામાં પણ મદદ મળી શકે છે. એવો તંત્રે વિશ્વાસ વ્યક્ત કર્યો છે.